ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમને બીજા હપ્તા પેટે રૂ.૭૫.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટ ફાળવવા બાબત.
વર્ષ ૨૦૧૮-૧૯

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃલઘસ-૧૦૨૦૦૩-૬૧૫(પા.ફા.)-અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૧૪/૧૨/૨૦૧૮

વંચાણે લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૧૧-૦૪-૨૦૧૮ નો ઠરાવ ક્રમાંકઃ બજટ-૧૦૨૦૧૭-૧૦૧૧૧૭-બ.

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૧૧-૦૫-૨૦૧૮ નો ઠરાવ ક્રમાંકઃ લઘસ-૧૦૨૦૦૩-૬૧૫(પા.ફા.)-અ૧

(૩) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૨૯/૦૯/૨૦૧૮નો પત્રક્રમાંકઃ વિજાક/બો.નિ./૨૦૧૮-૧૯/૧૨૦૨-૧૨૦૯

આ મુ ખ :-

ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમને નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ માટે કચેરીના વહીવટી ખર્ચ માટે વર્ષ ૨૦૧૮-૧૯ માં રૂ.૨૨૫.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટની જોગવાઇ કરવામાં આવેલ છે જે અન્વયે આ વિભાગના વંચાણ ક્રમાંક (૧) સામે દર્શાવેલ તા.૧૧-૦૪-૨૦૧૮ ના ઠરાવથી આ ગ્રાન્ટની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણ ક્રમાંક (૨) પરના આ વિભાગના તા.૧૧-૦૫-૨૦૧૮ના ઠરાવથી ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમને પ્રથમ હપ્તા પેટે રૂ.૭૫.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટ નિગમને હવાલે મૂકવા માટે મંજૂરી આપવામાં આવેલ હતી. વંચાણ ક્રમાંક (૩) પરના નિયામકશ્રી(વિ.જા.ક.)ના પત્રથી બીજા હપ્તાની વહીવટી ગ્રાન્ટ ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમના હવાલે મૂકવાની દરખાસ્ત વિચારણા હેઠળ હતી.

ઠ રા વ :-

પુખ્ત વિચારણાના અંતે કુલ રૂ.૨૨૫.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટમાંથી બીજા હપ્તા પેટે કુલ ગ્રાન્ટના ત્રીજા ભાગની ગ્રાન્ટ એટલે કે રૂ.૭૫.૦૦ લાખ(રૂપિયા પંચોતેર લાખ પૂરા) વહીવટી ગ્રાન્ટ ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ, ગાંધીનગરના હવાલે મુકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગરને નીચેની શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

શ ર તો :-

૧. આ ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગરે તાત્કાલિક ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમને હવાલે મૂકવાની રહેશે.

૨. ઉપર્યુકત મંજૂર કરવામાં આવેલ વહીવટી ગ્રાન્ટ જે તે હેતુ માટે છુટી કરવામાં આવે છે, પગાર ભથ્થાં અને નિગમના અનિવાર્ય વહીવટી ખર્ચ સિવાયના અન્ય હેતુ માટે સરકારશ્રીની પૂર્વ મંજૂરી સિવાય વાપરી શકાશે નહિં. આ અગાઉ તેમજ આ ઠરાવથી છૂટી કરવામાં આવેલ વહીવટી ગ્રાન્ટની રકમમાંથી કરવામાં આવેલ ખર્ચની વિગતો તાત્કાલિક અત્રે રજૂ કરવાની રહેશે અને નિગમને ૩ ટકા લેખે જે સર્વિસ ચાર્જ મળે છે, તે રકમમાંથી મહેકમ ખર્ચ કરવાનો રહેતો હોઇ, વસુલાત માટે નિગમે સઘળા પ્રયત્નો કરવાના રહેશે.

૩. સને ૨૦૧૮-૧૯ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

૪. આ ખર્ચ કરતા પહેલા નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

૫. આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારાધોરણોને આધિન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૬. જે હેતુ માટે જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

૭. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ ૯૨ મુખ્ય સદર-૨૨૨૫-અનુ.જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર-૦૪ લઘુમતીઓનું કલ્યાણ, ગૌણ સદર-૧૯૦ જાહેર ક્ષેત્ર અને અન્ય ઉપક્રમોમાં મૂડી રોકાણ, પેટા સદર- ૦૧ એમએનટી-૯ ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ હેઠળ ઉધારવો અને તે હેઠળ ચાલુ નાણાકીય વર્ષમાં કરવામાં આવેલ જોગવાઇમાંથી મેળવવાનો રહશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર વિભાગના અગ્રસચિવશ્રી(સા.ન્યા)ની તા.૧૧-૧૨-૨૦૧૮ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( આઇ.એમ.ઘાંચી)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાના:-

- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- (બજેટ શાખા/કમ્પ્યુટર-સેલ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ.